# પ્રાંતિજમાં ભર શિયાળે પાણીનો પોકાર

## એપ્રોચ રોડ ઉપર છેલ્લા દસ દિવસથી પાણી માટે સોસાયટીના રહીશો વલખાં મારે છે

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સોસાયટીઓમાં છેલ્લા દસ એક દિવસથી પાણી ના મળતા પાણી ના મળવાની રહિશો દ્વારા રજુઆતો કરવા છતા જેસે થે ની સ્થિત રહેતાં સોસાયટીના રહિશોનો ગુસ્સો આસમાને છે.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ કેટલીક સોસાયટીઓમાં છેલ્લાં દશદિવસથી ભર શિયાળે પાણી ના મળતા રહીશોએ નગરપાલિકામાં રજુઆતો કરવા છતા ધ્યાને લેવામાં ન આવતા રહીશોનો ગુસ્સો સાતમાં આસમાને પહોંચ્યો છે અને પાલિકા દ્વારા રહિશોને ઉઠા ભણાવવામાં આવે છે ત્યારે પાણી સમિતિના ચેરમેનને પુછતાં તેવોએ જણાવ્યું કે નર્મદાનું પાણી બંધ કર્યુ છે જેથી પાણીની તકલીફ છે જયારે પાણીનું સંચાલન કરનાર પાલિકા કર્મચારીને પુછતાં તેવોએ પાણીની ટાંકીનું સફાઈનું બહાનું કાઢયું હતું જયારે પાલિકામાં પુછતાં પાઈપલાઈનમાં પંક્ચર પડ્યું છે તેવું કહેવામાં આવ્યું હતું ત્યારે હાલ તો ત્રણેયમાંથી સાચું કોણ અને નર્મદા નું પાણી તો બંધ કર્યાને એક મહિના ઉપર થયું છે જયારે પાણીની ટાંકીની સફાઈ કરવામાં આવી હોય તો આખાં પ્રાંતિજ શહેરમાં પાણી મળે નહીં અને સફાઈ કરવી હોય તો પહેલાં સુચના આપવી પડે અને પછી પાણી બંધ કરવામાં આવે ત્યારે આતો છેલ્લા દસ દિવસથી પાણીના ધાંધિયા છે જયારે હાલ એવી કોઈ પાઈપલાઈન ટુટી નથી કે જે પાણી એપ્રોચરોડ ઉપર વહેતું કે ઉભરાતું પણ નથી તો શું સોસાયટીના રહિશોને પાલિકા દ્વારા માત્ર ઉઠા ભણાવવામાં આવે છે. અને તેમની કોઈ ભુલના કારણે હાલ તો એપ્રોચરોડ ઉપરની કેટલીય સોસાયટીના રહિશો ભર શિયાળે પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે. ત્યારે પાલિકા રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા રહિશોને ઉઠા ભણાવવામાં આવે છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પાલિકા દ્વારા એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીના રહિશોની પાણી સમસ્યાનો હલ લાવશે કે કેમ એ તો જોવાનું રહ્યું.

# બાંખોર ગામમાં મધ્ય રાત્રે ખુંખાર દિપડાએ બકરીનું મારણ કરતાં ભરવાડોમાં ભારે ફફડાટ

## ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો

ભિલોડા,તા.૨

હિંમતનગર તાલુકાના બાંખોર ગામના હમીરગઢ વિસ્તારના સીમાડામાં મધ્ય રાત્રે ખુંખાર દિપડાએ બકરીનું મારણ કરતાં ભરવાડોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો,પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે.ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. બાંખોર-હુંજ-શિહોલી પંથકમાં ખુંખાર દિપડાએ આજ દિન સુધીમાં ૧૪ થી વધુ પશુઓને શિકાર બનાવી મારણ કર્યુંહોવા છતાં વન વિભાગના અધિકારીઓને વારંવાર રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વન વિભાગના જવાબદાર અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને કેમ ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે. વન વિભાગ ધ્વારા પાંજરૂ મુંકી દિપડાને પકડવાની કામગીરી ના કરાતાં ખેડુતો, પશુપાલકો, ભરવાડો મધ્યરાત્રે ફટાકડા ફોડી, તાપણા કરી ઉજાગરા કરી દિવસો ગુજારી રહ્યા છે.એક તરફ શિયાળાની કકડતી ઠંડીમાં પશુ પાલકો મધ્ય રાત્રે ઉજાગરા કરવા મજબુર છે.

બાંખોર ગામના સીમાડામાં આવેલ હમીરગઢ પંથકમાં વસતા ભરવાડોના ઘેટા-બકરાંના વાડામાં ખુંખાર દિપડાએ મધ્ય રાત્રે બકરીનું મારણ કરતાં ભરવાડોમાં ફફડાટ ફેલાયો છે.ખુંખાર દિપડાએ મધ્ય રાત્રે ઘેટાં-બકરાંના વાડામાં શિકાર માટે તરાપ મારતાં નાસભાગ મચી ગઈ હતી.

હિંમતનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ હુંજ, બાંખોર, વાંટડા, વાવડી, ગોપાલકુંજ, શિહોલી, માંકડી, બેરણા પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં અને ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર પંથકમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો, પશુ-



પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ખડભડાટ મચી જવા પામ્યો છે. હુંજ પંથકના ખેડુતો, પશુપાલકો, ભરવાડો, પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે કે સાબરકાંઠા જીલ્લાના વન વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# મોડાસાના ગંદકીથી ખદબદતા શ્રીરામ મત્ત માર્ગને મેઘરજના દીયા ગ્રુપના મેમ્બરોએ સ્વચ્છ કર્યો

ભિલોડા, તા. ૨

મોડાસા શહેરમાં સરકારના સ્વચ્છતા અભિયાનની માત્ર વાતો જ થતી જોવા મળે છે.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ




વનિતાબેન પટેલ અને ભાજપાના કોર્પોરેટરોની સતત આવન-જાવનથી ધમધમતા અને શાંતિકુંજ અને નગરપાલિકા તંત્ર દ્વારા માલપુર રોડથી પંચ જ્યોત સોસાયટીથી બસસ્ટેન્ડ પાછળના ડિપ રોડને "શ્રી રામ મત માર્ગ"ને ગત વર્ષે નામકરણ કરવામાં આવ્યું હતું. નગરપાલિકા તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનના નામે અનેકવાર દેખાવ પુરતા કાર્યક્રમો કરવાની સાથે સ્વચ્છતા કરના નામે નગરજનો પાસેથી લાખ્ખો રૂપિયાનો વેરો ઉઘરાવવા છતા મોડાસા નગરપાલિકા શહેરનો સ્વચ્છ રાખવામાં ઉણી ઉતરતા ઠેર ઠેર ગંદકીના ઢગલા ખડકાયેલા જોવા મળે છે. નગરપાલિકાના પદ અધિકારીઓ ચીફ ઓફીસર, નગરપાલિકા પ્રમુખ અને નગરસેવકો ચૂંટણીમાં વોટ મેળવવા અને જીત મેળવવા માટે શહેરનો સ્વચ્છ બનાવવાની જુની પુરાણી કેસેટ વગાડી જીત મેળવ્યા પછી શહેરની પરિસ્થિતિ કે સોસાયટીઓમાં ડોકાતા પણ નથી તો પછી સ્વચ્છતા તો દૂરની વાત રહી ત્યારે મેઘરજ ગામના દીયા ગ્રુપના સભ્યો દ્વારા ખરા અર્થમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી મોડાસાના શ્રી રામ મત્ત માર્ગ'ને સફાઈ અભિયાન હાથ ધરી ગાત્રો થીજવતી ઠંડીમાં ૧.૩ કિ.મી. માર્ગને સ્વચ્છ બનાવી નામકરણ બોર્ડ પર લાગેલી ધૂળ ઉડાડી સફાઈ હાથ ધરવામાં આવી હતી. દીયા ગ્રુપના ફક્ત ૩ મેમ્બર્સ યકિન ત્રિવેદી તેમના પત્નિ અને થાવરદાસજી દામા દ્વારા મંત્રોચ્ચાર સાથે સફાઈ હાથ ધરી આ માર્ગને મહિનામાં એક વાર સફાઈ અભિયાન હાથ ધરવાનું નક્કી કર્યુ હતુ.

"શ્રી રામ મત્ત માર્ગ" પરના નામકરણ તક્તી પર લાગેલી ધુળથી આ માર્ગનું નામકરણ કોના નામ પરથી કરવામાં આવ્યુ છે તે પણ ઢંકાઈ ગયુ હતુ. ત્યારે ફરીથી નામકરણ તક્તીને સફાઈ કરાતા આ માર્ગ પરપથી પસાર થતા લોકોને માર્ગનું નામ કોની સાથે જોડાયેલુ છે તેની જાણકારી મળશે.

# કાંકરેજના માતપુરમાં બળાત્કારની પિડીતાએ ઝેરી દવા ગટગટાવી

કાંકરેજ, તા. ૨

માતપુર ગામમાં બનેલી એક કરૂણાંતીકામાં એક સગીર યુવતી સાથે ગામના જ એક નરાધમ યુવકે દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવમાં પીડીત યુવતીએ માનસિક તણાવમાં આવી ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

કાંકેરજના માતપુર (શિ) ગામે ગામના જ નરાધમ જેઠુભા વાઘેલાએ ૧૭ વર્ષીય સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી તેને પીંખી નાખી હતી. આ કલંકરૂપી ઘટનાથી સગીરાએ નજીકના ખેતરમાં જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જયારે બળાત્કારી જેઠુભા નાશી છુટ્યો હતો. સગીરા બેભાન હાલતમાં મળી આવી હતી.

સાથી પરિવારજનો તેને પાટણની હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે સગીરાના પિતાની ફરિયાદના આધારે આરોપી જેઠુભા અગરસી વાઘેલા (રહે. માતપુર)ની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યો હતો અને તેની સામેની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાંતિજ ખાતે બાર એસોસીએશનની વાર્ષિક બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સિવિલ એન્ડ ક્રીમીનલ બાર એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા તા.૩૦-૧૨-૨૦૧૬ ના રોજ મળી હતી જેમા ચાલુ હોદેદારો ને સર્વાણુમત્તે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ રશ્મિભાઈ.બી.પટેલ, ઉપપ્રમુખ નિરંજનભાઈ એસ.પંચાલ, સેક્રેટરી લાલસિંહ એમ.મકવાણા, સહસેક્રેટરી કિરીટભાઈ રોહિત તેમજ ઓડીટર કેતનભાઈ. આર. મિસ્ત્રીની ચાલુ સાલ માટે પણ નિમણુક કરવામાં આવી હતી અને વકીલોમાં ખુશીનો મહોલ જોવા મળ્યો હતો.



ભિલોડા તાલુકાના વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયતની રસાકસીભર્યા ચુંટણી જંગમાં વિજયી સરપંચના વિજય સરઘસમાં રાજકીય લોકો જોડાયા હતા. વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયતની ભારે રસાકસીભરી ચુંટણીમાં સરપંચ પદે જશુભાઈ મંગળાભાઈ અસારીનો જંગી બહુમતીથી જીતી ગયા હતા. વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ, સભ્યો, ગ્રામજનો ધ્વારા વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.સરપંચના ટેકેદારો વિજય સરઘસમાં જોડાયા હતા.ટેકેદારો ડી.જે.ના તાલે ઝુમી ઉઠ્યા હતા. અબીલ ગુલાલની છોળો ઉડાળતા ઉડાળતા જીત ગયા... ભાઈ જીત ગયા... હમારા ઉમેદવાર જીત ગયાના... ગગનભેદી નારાઓથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત મત વિસ્તારના વિકાસના ઘણા કામો બાકી છે ત્યારે તમામ વિકાસ લક્ષી કામો સત્વરે ચોક્કસપણે પુરા થાય અને સારા થાય તેમ જાગૃત મતદારો આશા સેવી રહ્યા છે.

# લુસડીયાના મહંતની ધરપકડના વિરોધમાં વીએચપીએ જિલ્લા કલેક્ટરને આવેદન આપ્યુ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ નજીક આવેલા લુસડીયા ગામે તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં લુસડીયા વીએચપીના કાર્યકરોમાં રોષ ફાટી નિકળ્યો હતો અને સંત સામે ખોટી ફરીયાદ નોંધી ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને સંગઠનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં રવિવારે ધસી આવી રેલી સ્વરૂપે ઉમટી પડી ખ્રિસ્તી મિશનરી દ્વારા અંગત અદાવત રાખી સંત ઉપર ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાનું




રામજી મંદિરના મહંત ખરાડી પ્રભુદાસ સુરમાભાઈ (હિન્દુ) અને સુવેરા હર્નેષ્ટ નારાયણભાઈ વચ્ચે સરપંચ પદની ઉમેદવારી નોંધાવ્યા બાદ રામજી મંદિરના સંતનો વિજય થયો હતો. ત્યારબાદ સંત અને તેમના ટેકેદારોએ ખ્રિસ્તી મિશનરીમાં તોડફોડ કરવામાં આવી હોવાની ફરિયાદ શામળાજી પોલીસ સ્ટેશનમાં નોંધાતા શામળાજી પોલીસે સંત અને તેમના ટેકેદારોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા હિન્દુ સમાજમાં અને આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી.

શામળાજી નજીક આવેલા લુસડીયા ગામમાં ખ્રિસ્તી મીશનરીમાં ગામના જ રામજી મંદિરના સંત દ્વારા તોડફોડ કરાતા ખ્રિસ્તી મિશનરી અને ધર્મના લોકો દ્વારા શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ફરિયાદના આધારે શામળાજી પોલીસે સંત સહિત અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા સંતની ધરપકડ કરતા વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય હિન્દુ ધાર્મિક જણાવી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. શામળાજી પોલીસમાં સંત સામે નોંધવામાં આવેલી ફરિયાદ પાછી ખેંચવાની માંગ પણ કરવામાં આવી હતી. વિએચપીના કિરિટ શાહ, રામભાઈ પટેલ, બજરંગ દળના કનુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી પોલીસ વડા એન.કે. ડામોરને નિષ્પક્ષ તપાસ કરવા ઉગ્ર રજૂઆત કરવાની સાથે શામળાજી પોલીસ દબાણવશ કામગીરી કરી રહી હોવાનો સીધો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# હિમતનગર જીલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ

હિમતનગરના સ્વામીનારાયણ મંદિર ખાતે સોમવારે સવારે સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ કારોબારીની બેઠક યોજાઈ હતી જેમાં એઆઈસીસી પ્રભારી સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જીલ્લાના પ્રભારી કવર કરણસિંહ અને ગુજરાત પ્રદેશ સીએ સેલના ચેરમેન કૈલાશ ગઢવી,જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ,જીલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત ,જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ નિર્મલાબેન પંચાલ,જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ પ્રિયવદન પટેલ યુથ મહામંત્રી-યશ કોટવાલ,હિમતનગર તાલુકા યુવા કોંગ્રેસ ઉપ-પ્રમુખ કુમાર ભાટ અને પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં નોટબંધી ના ૫૦ દિવસ પૂર્ણ થયા બાદ પ્રજાને પડતી હાલાકીને લઈને સરકાર સામે વિરોધનું અંદોલન અને કોંગ્રેસને સંગઠન મજબુત કરવાની વાત પર ભાર મુકવામાં આવ્યો હતો.ત્યારબાદ પત્રકાર પરિષદમાં કૈલાશ ગઢવી અને કવર કરણસિંહે નોટબંધીને લઈને અગામી ૫ મી જાન્યુઆરીના રોજ હિમતનગરમાં જીલ્લા કોંગ્રેસ કાર્યાલયથી વિશાળ રેલી સ્વરૂપે કલેકટર કચેરીએ પહોચી ને કચેરીનો ઘેરાવો કરવાનો અને ૮ મી જાન્યુઆરીએ જીલ્લા મહિલા કોંગ્રેસ ધ્વારા બહેરા તંત્રના કાન ઉઘાડવા માટે થાળી-વેલણ વગાડતા વિશાળ રેલી સ્વરૂપે કલેકટર કચેરીએ પહોચી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે જે બંને નોટબંધી ના વિરોધમાં યોજાનાર કાર્યક્રમ અંગે જાણકારી આપી હતી.આ બંને કાર્યક્રમો આખાય ભારતમાં એક સાથે યોજાશે જેને લઈને સત્તાધીશ સરકારને કોંગ્રેસ બાનમાં લેશે એ પણ પ્રજાને નોટબંધીના ૫૦ દિવસમાં પડેલ હાલાકીને લઈને તો બીજી તરફ રાજ્યના મુખ્ય મંત્રી વિજય રૂપાણી ૫ મી જાન્યુઆરીએ સાબરકાંઠા જીલ્લાના વિજયનગરમાં પોળો ઉત્સવનો પ્રારંભ કરવા આવવાના સમાચાર પણ સુત્રો ધ્વારા જાણવા મળ્યા છે જેને લઈને કોંગ્રેસ મુખ્યમંત્રીને પણ ઘેરાવો કરી શકે તેમાં નવાઈ નહિ.

## મહેસાણા જિલ્લામાં છુટક કેરોસનીના ભાવ નક્કી કરાયા

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લામાં જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા કેરોસનીના ૧ લિટરના ૧૮.૫૦ ભાવ નક્કી કરવામાં આવેલ છે. આ હુકમનો અમલ ૧૬ ડિસેમ્બર ૨૦૧૬થી કરવાનો રહેશે જેનો તમામ તાલુકા મામલતદારશ્રીએ ચુસ્ત પણ પાલન કરાવવાનુ રહેશે. આ બાંધેલ ભાવથી વધુ ભાવ ગ્રાહક પાસેથી લઈ શકાશે નહી તેમ કલેકટરે જણવાયું છે.

## ગણપત યુનિવર્સિટીના દસમા પદવીદાન સમારોહમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના ખેરવા ગામે ગણપત વિશ્વ વિધાલય ખાતે દશમો પદવીદાન સમારંભ યોજાવાનો છે. આ સમારંભમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૪ જાન્યુઆરી ૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૦૩-૩૦ કલાકે ખેરવા ગણપત યુનિ. ખાતે ઉપસ્થિત રહેનાર છે. આ દશમા પદવીદાન સમારંભમાં મુખ્યમંત્રીશ્રી સાથે ડો. હુઝીફા એકઝીક્યુટીવ ડાયરેક્ટર વોકહાર્ટ લિમિટેડ, કુમારી લતાસિંઘ આઈ.બી.એમ ઈન્ડિયાના એકઝીક્યુટીવ ડાયરેક્ટર અને ગણપત યુનિ.ના ગણપતભાઈ પટેલ સહિતના અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

# ઊંઝામાં પોલીસની નિષ્ફળતાને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી

ઊંઝા, તા. ૨

વેપારી મથક અને કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજી ધામ સેવા ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં મિલકત વિરુદ્ધના લૂંટ, અપહરણ જેવા ગંભીર પ્રકારના ગુનાઓ તથા સમાજ વિરોધી પ્રવૃત્તિઓના વધતા વ્યાપથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

ઊંઝા પોલીસની નિષ્ક્રિયતાને કારણે આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વખતથી નાની મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરી, મંદિર ચોરી, લૂંટ, અપહરણ, જેવા ગંભીરપ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી ગયેલ છે. તસ્કરોના ઉપદ્રવથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. મિલકત વિરુદ્ધના નોંધાયેલ ગુનાઓ પૈકી મોટા ભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણઉકેલાયેલા જ રહ્યા છે. આ ઉપરાંત શહેરી અને ગ્રામ વિસ્તારોમાં દેશી વિદેશી દારૂના અડ્ડાઓ, જુગારના અડ્ડાઓ, તેમજ અનૈતિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયો હોવાનું લોકમુખે ચર્ચાય છે. પોલીસતંત્ર દ્વારા અવાર નવાર અસામાજિક બદીઓ પર દરોડા પડાય છે. પરંતુ આવી પ્રવૃત્તિઓ ચલાવનારા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ પાકા જામીન, હથિયારી, પાસા જેવા કાયદાકીય રાહે કડક પગલાં ભરવા જોઈએ તે કથિક હપ્તાથી લાલચે ભરાયા નથી. આમ અસામાજિક પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવાની દિશામાં, પોલીસ તરફથી અસરકારક પગલાં ન ભરાયા આવી બદીઓ ધમધોકાર રીતેચાલી રહી હોવાનું કહેવાય છે. અહીં પોલીસની કાર્યશૈલી સામે પણ સવાલો ઉપજ્યા છે.

બીજું સ્થાનિક પોલીસ મથકમાં કેટલાક કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓને કારણે ભ્રષ્ટાચારનું દૂષણ વકરી ગયું હોવાનું કહેવાય છે. સ્થાનિક પોલીસ મથકે નાગરિકોની ફરિયાદો છે. પ્રજામાં જાનમાલના રક્ષણની પોલીસને કંઈક જ પડી નથી. દરમિયાન ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા દોઢેક વર્ષથી નવીન પોલીસ સ્ટેશન કાર્યરત થવા છતાં અહીં અસામાજિક બદીઓએ ભારે ઉપાડી લીધો છે.

નુતન વર્ષ તથા દેવ દિવાળીની હાર્દિક શુભકામનાઓ
રાજુભાઇ મહેતા
મો.૯૯૭૯૪ ૯૨૬૫૧
સનિ મહેતા Mo. 96870 15860
રોનક મહેતા
મો. ૯૪૨૬૫ ૨૧૧૩૯
૦૨૭૪૨-૨૫૨૦૧૧
જૈન ડેકોરેટર્સ,
હાયર્સ એન્ડ કેટરર્સ
જૈન મંડપ & સપ્લાયર્સ
મંડપ, વ્હાઈટ મંડપ, બંગાળી મંડપ, ગાદલા, ખુરશી, વાસણ તેમજ મંડપને લગતા દરેક સામાન ભાડે મળશે.
ઈદગાહ રોડ, અંબિકાનગર, પાલનપુર - ૩૮૫૦૦૧, જી.બ.કાં.

ગાંધીનગર સમાચારના
સૌ વાચકોને હાર્દિક
શુભેચ્છાઓ....



કમળાબેન મફતભાઈ જોષી
(ઉપપ્રમુખ)
મહિલા મોરચા
ભારતીય જનતા પાર્ટી
ધાનેરા શહેર



મફતભાઈ પીતાંબરભાઈ જોષી
(ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી, ધાનેરા)
તાલુકા પંચાયત
ધાનેરા